જૂન ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



## પ્રિજ્યુડીસ

# પ્રિજયુડીસ

## અનુક્રમણિકા


દાદાજી કહે છે... ૩
આ તો નવી જ વાત! ૪
નફાની ફોર્મ્યુલા ૬
ઓટોગ્રાફ ૯
તમારી જાતને ચકાસી જુઓ! ૧૩
ચાલો રમીએ ! ૧૪
ઐતિહાસિક ગૌરવગાથાઓ ૧૬
મીઠી યાદેં ૧૮


## સંપાદકીય

બાળમિત્રો,

પ્રિજ્યુડીસ અંગ્રેજી શબ્દ છે. એનો ખરો ગુજરાતી અર્થ પૂર્વગ્રહ થાય છે. પૂર્વગ્રહ એટલે કોઈ વ્યક્તિ પ્રત્યે ગાઢ નોંધ લેવાઈ ગઈ હોય અને પછી દરેક વખતે આપણે એને એ જ દ્રષ્ટિથી જોઈએ એ પૂર્વગ્રહ. દા.ત. આપણા ફ્રેન્ડે એક દિવસ આપણી સાથે એનો લંચબોક્ષ શેર ન કર્યો તો આપણે એના માટે પ્રિજ્યુડીસ રાખવા લાગીએ કે આ ક્યારેય એનો લંચબોક્ષ કોઈની સાથે શેર નથી કરતો. હવે એક -બે વાર એવું કર્યું તો કાયમ એ એવું જ કરશે એવું કઈ રીતે આપણાથી નક્કી કરી લેવાય? પણ એવું થઈ જાય છે અને એને જ પ્રિજ્યુડીસ કહેવાય છે.

કોઈના માટે પ્રિજ્યુડીસ કેમ ન રખાય ? અને બંધાઈ ગયો હોય તો એમાંથી કેવી રીતે છૂટાય ? એની સુંદર વાતો પરમ પૂજ્ય દાદાશ્રીએ આપી છે જે આ અંકમાં મૂકાઈ છે.

તો આવો, આપણે એ ચાવીઓ મેળવીને પ્રિજ્યુડીસમાંથી છૂટી જઈએ અને ભારમુક્ત થઈએ.

-ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદકઃ
ડિમ્પલ મહેતા
વર્ષ : ૭, અંક : ૧૦
સળંગ અંક : ૮૨
જૂન ૨૦૧૫



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

અક્રમ એક્સપ્રેસ



# દાદાજી કહે છે...

પ્રિજ્યુડીસ એટલે કોઈ માણસ રોજ આપણને હેરાન કરી જતો હોય. હવે આજે એ આપણને જમવા બોલાવવા આવ્યો હોય, તો ય એને દેખતાં જ વિચાર આવે કે આ હમણાં હેરાન કરશે, તે 'પ્રજ્યુડીસ'.

આ ભાઈ કાયમ દાન આપે છે અને આજે ય તે દાન આપશે એવું માનવું એ 'પ્રજ્યુડીસ' છે.

પ્રજ્યુડીસ એટલે મનમાં યાદ જ હોય કે ગઈ કાલે આણે આમ કર્યું હતું ને આમ વઢ્યો હતો, તે આ આવો જ છે. અભિપ્રાય એ એક પ્રકારનો પૂર્વગ્રહ કહેવાય છે. એને પ્રજ્યુડીસ કહેવાય. પહેલાનું 'જજમેન્ટ' છોડી દો, એ તો બદલાયા જ કરે.

પ્રશ્નકર્તા : પ્રજ્યુડીસ નહીં રાખવાનું એટલે શું ? જરા દાખલો આપીને સમજાવો, દાદા.

દાદાશ્રી : એક માણસ કાલે ગજવામાંથી સવાસો રૂપિયા લઈ ગયો. ઘરનાં બધા માણસોએ એને જોયો હોય. પછી બીજે દહાડે એ આવે તો આપણા હિન્દુસ્તાનના બધા લોકો એમ જ કહેને કે આ ચોર છે ?

પ્રશ્નકર્તા : હા.

દાદાશ્રી : ચોર કેવી રીતે કહેવાય એને ? શા આધારે આપણે જાણી ગયા કે આજે પણ એ ચોરી જ જશે ? તમારે સાવધ રહેવું જોઈએ. એટલે કોટ-બોટ બહાર રાખતા હોય તો એ આવે તે ઘડીએ અંદર મૂકી દેવાનો, પણ પ્રજ્યુડીસ ના રખાય.

પ્રશ્નકર્તા : એટલે એ અભિપ્રાયો જ ચેન્જ કરી લેવા.

દાદાશ્રી : હા. સંજોગવશાતના ચોરને ચોર ના કહેવાય. સંજોગવશાત તો રાજાય ચોરી કરે ! પૂરી ખાતરી કર્યા સિવાય અભિપ્રાય ના અપાય. પૂરી ખાતરી કરવાની શક્તિ કોને હોય ? જ્ઞાની પુરુષ સિવાય કોઈનેય નહીં.

પ્રશ્નકર્તા : ઘણી વખત એવું બને છે કે આપણને સામાનો વ્યુ પોઈન્ટ જ ખોટો દેખાતો હોય, એટલે પછી આપણી વાણી કડવી જ નીકળે.

દાદાશ્રી : એ અવળું દેખાયા કરતું હોય તેથી જ અવળું થાય છે ને ! એ પૂર્વગ્રહ જ નડે છે ને ! 'ખરાબ છે, ખરાબ છે' એવો પૂર્વગ્રહ થઈ ગયેલો હોય તેથી વાણી ખરાબ ન નીકળેને !

પ્રશ્નકર્તા : કોઈ પૂર્વગ્રહ અથવા તો અભિપ્રાય બહુ કઠણ હોય તેને વાંરવાર પ્રતિક્રમણ કરવાથી ધોવાઈ જાય ?

દાદાશ્રી : હા, ધોવાઈ જાય. પ્રતિક્રમણ કર કર કરેને એટલે ધોવાઈ જાય બધું.

અમને એક ક્ષણવાર કોઈના માટે પૂર્વગ્રહ ના હોય. કાલે તમે મારી જોડે ઝઘડો કરી ગયા હો ને તમે બીજે દહાડે આવો, તો અમે કાલની વાત બાજુએ મૂકી દીધેલી હોય. પૂર્વગ્રહ રાખું તો એ મારી ભૂલ છે, પછી ભલેને તમે બીજે દહાડે એવા નીકળો તેનો વાંધો નથી.

પૂર્વગ્રહ રહિત જો માણસ થાય તો કલ્યાણ જ થઈ જાય.





આ તો
ખરાબ પ્રકૃતિ જોડે સંગ રાખવો નહીં અને
રાખો તો પૂર્વગ્રહ રાખવો નહીં.
માણસ પૂર્વગ્રહ રહિત થાય તો
પરમાત્મા થાય !
વઢેલું ક્યારે કામનું.. પૂર્વગ્રહ વગર વઢે તો. વઢવાથી
માણસ ચોખ્ખું કહે નહીં ને કપટ કરે. પૂર્વગ્રહ વગર
કહેતા આવડે તો ફાયદો થાય. પણ પૂર્વગ્રહ વગર કહી
કોણ શકે.. એકલા જ્ઞાની પુરુષ. પૂર્વગ્રહ એટલે ગઈ
કાલે વઢ્યો તો તે મનમાં યાદ હોય કે આવો જ છે,
આવો જ છે અને પછી પાછો વઢે એટલે પછી એમાંથી
ઝેર ફેલાય. ભગવાને આને ભયંકર રોગ કહ્યો. મૂરખ
બનવાની નિશાની.
પૂજ્ય ગણ્યા પછી એ ગમે તેટલું ખરાબ કરે પણ તું
તારી દ્રષ્ટિ ના બગાડીશ. અભિપ્રાય તો શું, પણ
સામા માટે દ્રષ્ટિ પણ બદલાવી ના જોઈએ!


નવી જ વાત !
ગઈ કાલે કોઈએ આપણને માર્યું હોય અને આજે એને દેખીએ તો એ નવો જ લાગવો જોઈએ. અને એ નવો જ હોય છે પણ આપણને એ નથી દેખાતું એ આપણી ભૂલ છે. એક કર્મ પતી ગયું પછી એ બીજા કર્મમાં જ હોય.
સામા પ્રત્યે પ્રજ્યુડીસ છોડી દો એટલે એ તમારા કહ્યા પ્રમાણે કરે, એવું છે.
ચોરી થતી નજરોનજર દેખતા હોવા છતાં ચોર પ્રત્યે જેને કિંચિતમાત્ર પ્રજ્યુડીસવાળી દૃષ્ટિ નથી એ જ્ઞાની. કાલે જે ચોર છે એ આજે શાહુકર નહીં બને એની શી ખાતરી.
સામો ચીકણો છે એવો અભિપ્રાય હોય તો સામો 'નોબલ' છે એવો અભિપ્રાય ક્રિએટ (ઉત્પન્ન) કરવાનો છે !

# નફાની ફોર્મ્યુલા



ચંપા નગરીમાં લક્ષ્મીચંદ નામના એક ધનાઢ્ય વેપારી રહેતા હતા. અઢળખ ધન હોવા છતાંય કેમ કરીને ધનમાં વધારો થાય એની જ ગડમથલમાં તેઓ રહેતા.

"દયાનંદ, જો તમે મને મારા વેપાર માટે એવી કોઈ ફોર્મ્યુલા શોધી આપો કે મને હંમેશા નફો જ મળે, તો હું તમારો પગાર બમણો કરી આપીશ." લક્ષ્મીચંદે પોતાના બુદ્ધિશાળી મુનીમ દયાનંદને પ્રલોભન આપતા કહ્યું.

દયાનંદ તો દિવસો સુધી એક ઓરડીમાં ભરાઈને એવી ફોર્મ્યુલાની શોધમાં લાગી ગયા. આખરે એક રાત્રે દયાનંદને ફોર્મ્યુલા મળી ગઈ.

"મને ફોર્મ્યુલા મળી ગઈ. મારી ગણતરી ચોક્કસ છે!" ઉલ્લાસભેર દયાનંદે લક્ષ્મીચંદને કહ્યું.

લક્ષ્મીચંદ બીજા દિવસે એક લાંબી મુસાફરી પર નીકળવાના હતા. બહુ વખત ન હોવાને કારણે, દયાનંદની વાત વિગતવાર સાંભળ્યા વગર, લક્ષ્મીચંદે દયાનંદને કહ્યું, "શાબાશ! જુઓ, હું ત્રણ મહિના માટે બહારગામ જાઉં છું. આ અરસામાં જો તમે મને નફો મેળવી આપશો, તો મેં કહ્યું એમ હું તમારો પગાર બમણો કરી દઈશ."

લક્ષ્મીચંદ જ્યારે પ્રવાસ પરથી પાછા ફર્યા ત્યારે એમણે જોયું તો એમની અડધી તિજોરી ખાલી થઈ ગઈ હતી. આ જોઈ એમને ધ્રાસકો પડ્યો.

"જરૂર આ દયાનંદનું કામ છે. એણે જ મારું બધું ધન ચોરી લીધું. એક નંબરનો ધુતારો અને લુંટારો નીકળ્યો. ગઈ સાલ પણ હિસાબમાં એણે ગોટાળો કર્યો હતો. ભૂલ સમજીને મેં એને જવા દીધો હતો પણ આ વખતે એને એવી સજા કરું કે એ જીંદગીભર યાદ રાખે." પૂર્વગ્રહની આગમાં લક્ષ્મીચંદ ધૂઆંપૂઆં થઈ ગયા હતા.

દયાનંદના ઘરે પહોંચી, એમણે જોરથી બારણું ઠોક્યું.

"અરે શેઠજી આપ ? આવો આવો ! અમારા સદભાગ્ય કે આપ અમારે આંગણે પધાર્યા," દયાનંદના પત્નીએ શેઠજીને આવકાર આપ્યો.

દયાનંદના પત્નીનો વિનય જોઈ, લક્ષ્મીચંદને મનમાં થયું, "દયાનંદનું આખું પરિવાર ઢોંગી છે."

એમણે કડક શબ્દોમાં કહ્યું, "ના, મારી પાસે અંદર આવવાનો વખત નથી, ક્યાં છે દયાનંદ ?

"તેઓ બહાર ગયા છે. પણ આપ કશું લીધા વગર જાઓ એમ ના ચાલે. થોડી વાર બેસો. હું હમણાં આવી." લક્ષ્મીચંદને બેસાડી દયાનંદના પત્ની રસોડામાં ગયા.

લક્ષ્મીચંદ પરાણે બેઠા. તેઓ ઓરડાની ચારેકોર નજર ફેરવવા લાગ્યા. ઓરડામાં પડેલી બધી કીમતી વસ્તુઓ એમને દેખાવવા લાગી.

"આ દયાનંદને આટલી જાહોજલાલી ક્યાંથી પોસાય છે ? જરૂર મારી પાસેથી લુંટેલા ધનમાંથી આ બધી વસ્તુઓ ખરીદી હશે." લક્ષ્મીચંદ વિચારમાં ખોવાયેલા હતા, ત્યાં તો દયાનંદના પત્ની ગરમાગરમ કેસરવાળું દૂધ એક ચાંદીની પ્યાલામાં લઈને આવ્યા.

આ જોઈ, લક્ષ્મીચંદની અંદર બળતી પૂર્વગ્રહની આગમાં ઘી પુરાયું અને ભડકો થયો.

ફટાફટ દૂધ પીને, દયાનંદ આવે તો તરત જ પોતાની પાસે મોકલી આપવાની સુચના આપી, તેઓ રવાના થયા.

થોડા ડગલા ચાલ્યા, ત્યાં તો શેઠ ને દયાનંદ સામે મળ્યા.

"નાલાયક, મારી સાથે દગો કર્યો તે ? એક વાર તને જવા દીધો એનો તે ગેરફાયદો લીધો ?" શેઠે દયાનંદની ગળચી પકડી.

શેઠના આવા વર્તુણુકથી દયાનંદ સ્તંભિત થઈ ગયો. "શેઠ... આ શું કહો છો ? મેં ક્યારેય આપની સાથે દગો નથી કર્યો. તે દિવસે મારી ગણિતમાં ભૂલ થઈ હતી, જે મેં આપની પાસે કબુલ કરી હતી. પણ આ વખતે તો એવું કંઈ જ નથી બન્યું."

પણ શેઠે તો દયાનંદનો કોઈ પણ ખુલાસો સાંભળ્યા વગર એને નોકરીમાંથી કાઢી મૂક્યો.

દિવસો વીતવા લાગ્યા. ધીરે ધીરે શેઠનો વેપાર વધવા લાગ્યો. ગામના લોકો શેઠને ખૂબ માન - સન્માન આપવા લાગ્યા. આવું સન્માન તો શેઠે પોતાની આખી જીંદગીમાં ક્યારેય મેળવ્યું નહોતું.

એક દિવસ શેઠ પોતાની ધૂનમાં ચાલી રહ્યા હતા. અચાનક, એમને ઠોકર વાગી અને તેઓ રસ્તામાં પડી ગયા. પગ પરથી લોહીની ધારા વહેવા લાગી. લક્ષ્મીચંદ શેઠને આ હાલતમાં જોઈ, ચાર - પાંચ લોકોએ મળીને એમને ઉંચકી લીધા અને નજીકમાં એક જણના ઘરે લઈ ગયા. પાટા-પીંડી કરી, શેઠને પાણી આપ્યું.

શેઠે સૌનો આભાર માન્યો. જવાબમાં એક વ્યક્તિ બોલ્યા, "અરે શેઠ, આપનો આભાર અમે જેટલો માનીએ એટલો ઓછો છે. જરૂરિયાતના વખતમાં આપે અમને જે મદદ કરી છે, એનો બદલો તો અમે ક્યારેય નહીં ચૂકવી શકીએ."

આ સાંભળી, શેઠને બહુ નવાઈ લાગી. જીંદગીમાં ક્યારેય કોઈની મદદ ન કરનાર શેઠને પહેલીવાર આવું સાંભળવા મળ્યું. સાંભળીને સારું લાગ્યું. પણ છતાંય એમને કંઈ સમજાયું નહીં.

"મેં તમારી મદદ કરી હતી ? પણ તમે તો મારા વેપારના ઘરાક છો ને ?" શેઠે આશ્ચર્યથી પૂછ્યું.

એ વ્યક્તિએ જવાબ આપ્યો, "હા શેઠ, આપના મુનીમે આપના કહેવાથી ગામમાં

અમારા જેવા ઘણા લોકોની ખુલ્લા દિલથી મદદ કરી. અને એના માટે અમે સૌ આપના ખૂબ ખૂબ આભારી છીએ. ત્યારથી અમે નક્કી કર્યું હતું કે આપની સાથે જ વેપાર કરીશું અને અમારા મિત્રોને પણ આપની સાથે વેપાર કરવાની ખાતરી અપાવી હતી.''

આ સાંભળી શેઠને તિજોરી ખાલી થવાનું કારણ સમજાયું, અને ત્યારબાદ વેપારમાં થયેલી તેજીનું કારણ પણ સમજાયું.

જરાય વિલંબ કર્યા વગર શેઠ, દયાનંદના ઘરે પહોંચ્યા. દયાનંદ પ્રાંગણમાં બેસીને છાપું વાંચી રહ્યા હતા. શેઠને પોતાના આંગણે જોઈ તેઓ તરત ઉભા થઈ ગયા, આવો આવો શેઠ, પધારો.''

દયાનંદે શેઠને પ્રેમથી બેસાડ્યા અને પોતાની પત્ની પાસે ચા મંગાવી. થોડો વખત પહેલા જ શેઠે દયાનંદનું હડહડતું અપમાન કર્યું હતું, પણ દયાનંદના મનમાં શેઠ પ્રત્યે સહેજ પણ પૂર્વગ્રહ નહોતો, ''આજે ફરી અપમાન કરશે,'' એવો ભય પણ નહોતો.


''દયાનંદ, મને માંડીને વાત કરો. હું પ્રવાસ પર ગયો ત્યારે શું બન્યું હતું ?'' શેઠે દયાનંદને પૂછ્યું. વિગતવાર આખી વાતનો ખુલાસો આપતા દયાનંદે કહ્યું, ''શેઠ, આપે મને વેપારમાં કેવી રીતે નફો મેળવાય એની ફોર્મ્યુલા શોધવા માટે કહેલું. બધી જ ગણતરી કર્યા પછી મને સમજાયું કે વેપારમાં નફાની એક સીમા હશે. પણ બીજાને મદદ કરવાનો વેપાર કરશો, તો એમાં તો નફો જ નફો હશે. અને તેથી જ મેં આપના પૈસા લોકોને મદદ કરવામાં વાપર્યા.''

પૂર્વગ્રહને લઈને પોતે કેટલી મોટી ભૂલ કરી દીધી, એ વાતનો શેઠને બહુ પસ્તાવો થયો. દયાનંદ પાસે એમણે દિલથી માફી માંગી, ફરી નોકરી પર જોડાવાની વિનંતી કરી.

અને ત્યારથી કોઈ પણ વ્યક્તિ પ્રત્યે ક્યારેય પૂર્વગ્રહ ન રાખવાની લક્ષ્મીચંદ શેઠે ગાંઠ વાળી.




# ઓટોગ્રાફ


વેકેશન પછી આજે સ્કૂલનો પહેલો દિવસ હતો. સૌના ચહેરા પર વેકેશનમાં માણેલી મજાની તાજગી જણાતી હતી.
બાળકો, આપણો આજનો ક્લાસ 'ગપ્પા ક્લાસ' છે. વેકેશનમાં આપણે શું શું કર્યું તે બધા સાથે શેર કરીશું. સૌથી પહેલા કોણ કહેશે ?
સરનું વાક્ય પૂરું થાય એ પહેલા જ અપૂર્વની આંગળી ઉપર ઉઠી ગઈ.
બોલ અપૂર્વ, તે શું કર્યું વેકેશનમાં ?
વેકેશનમાં હું ફેમીલી સાથે ક્રિકેટ મેચ જોવા ગયો હતો. અને ત્યાં મેં સચિન તેંદુલકરનો ઓટોગ્રાફ લીધો.
આખા ક્લાસમાં કલબલાટ શરૂ થઈ ગયો.
વાહ ! શું વાત છે !
પહેલા મને.
પ્લીઝ, મને બતાવને અપૂર્વ !


અપૂર્વ, વારાફરતી બધાને એ પેપર પાસ કર. બાળકો, તમે જુઓ હું થોડીવારમાં આવું છું.
થોડીવાર રહીને,
મારું પેપર કોની પાસે છે ? મને અત્યારે ને અત્યારે પાછું આપો.
પણ ક્લાસમાં કોઈ હલ્યું જ નહીં.
અપૂર્વ સૌની સામે ટગર ટગર જોવા લાગ્યો. પણ બધા માથું હલાવી "ના" પાડતા હતા.
ક્લાસમાં ખળભળાટ મચી ગયો.
આપણે બધા જ પોતપોતાના ડેસ્ક, પોકેટ અને બેગ બતાવીએ એટલે કોણ નિર્દોષ છે અને કોણ નથી એ ખબર પડી જશે.


એક પછી એક બધાએ પોતાની ડેસ્ક, બેગ અને પોકેટ બતાવ્યા. આરવનો ટર્ન આવ્યો. આરવ પોતાની બેગ ન ખોલવા માટે બહાના બનાવવા લાગ્યો.
આરવ, જો તારી પાસે અપૂર્વનું પેપર નથી તો તને તારી બેગ બતાવવમાં શું વાંધો છે ?
પણ, મેં કહ્યું ને કે મેં નથી લીધું.
આરવ એકદમ લાલ થઈ ગયો હતો. નવન અને પ્રણય જબરજસ્તી આરવની બેગ ખોલવા આવ્યા.
આરવે જ લીધું છે. એક નંબરનો ચોર છે. લાસ્ટ એક્ઝામમાં પણ એ ચોરી કરતા પકડાયો હતો.
ત્યાં તો અપૂર્વે બૂમ પાડી.
સ્ટોપ !! બધા પ્લીઝ શાંત થઈ જાઓ.
કારણ કે મને મારા દાદાએ શીખવ્યું છે કે ગમે એવા સંજોગોમાં પણ કોઈના પ્રત્યે પ્રેજ્યુડીસ ન રખાય. એકવાર એ એક્ઝામમાં ચીટીંગ કરતા પકડાયો એટલે એને કાયમનો ચોર ના માની લેવાય.
ત્યાં તો પંડિત સર હાથમાં એક પેપર લઈને ક્લાસમાં દાખલ થયા.
આ શું ? મને એમ કે તમારા લોકો માટે આ ઓટોગ્રાફ બહુ કિંમતી છે પણ આ પેપર તો લોબીમાં ઉડીને પડ્યું હતું.


પંડિત સરે અપૂર્વને પેપર પાછું આપ્યું. પેપર હાથમાં લઈ અપૂર્વને શાંતિ થઈ. આ જોઈ, નવન તો ભોંઠો જ પડી ગયો.
સોરી આરવ. મેં તારા માટે પ્રેજ્યુડીસ રાખ્યો. પણ મને એક વાત સમજાતી નથી. જો તે પેપર નહોતું લીધું તો તું તારી બેગ ખોલવામાં આટલું બધું અચકાતો કેમ હતો ?
આરવે પોતાની બેગમાંથી એવું જ પેપર બહાર કાઢ્યું.
હું પણ વેકેશનમાં મેચ જોવા ગયો હતો અને મેં પણ તેંદુલકરનો ઓટોગ્રાફ લીધો હતો. આજે ક્લાસમાં મારે પણ આ પેપર બધાને બતાવવું હતું.
પણ જ્યારે અપૂર્વનો ઓટોગ્રાફ ખોવાઈ ગયો, ત્યારે મને ડર લાગ્યો કે કોઈ મારા પર વિશ્વાસ નહી કરે. પણ ખૂબી તો એ છે કે અપૂર્વે જ મારો વિશ્વાસ કર્યો.
આરવ અને અપૂર્વે હાથ મિલાવ્યા. અને એ દિવસે ક્લાસમાં સૌને ખૂબ કીમતી પાઠ ભણવા મળ્યો - ગમે એવા સંજોગોમાં પણ ક્યારેય કોઈના પ્રત્યે પ્રેજ્યુડીસ ના રખાય.

# તમારી જાતને ચકાસી જુઓ !

**નીચેના પ્રસંગમાં કોને કોને પ્રેજ્યુડીસનું ભૂત વળગ્યું છે એ શોધી કાઢીએ.
અને દાદાની સમજણના ખજાનાથી એ ભૂતને ભગાવી દઈએ.**

*શનિવારની બપોર હતી. સૌરીનના ઘરે એના કઝીન્સ શ્લોક, આલાપભાઈ, પૂર્વી અને દિપા ભેગા થયા હતા. સૌએ સ્કૂલ ફેરમાં જવાનો પ્લાન બનાવ્યો. પ્લાન સાંભળી દિપાને કંઈક ગડમથલ થઈ. આલાપભાઈને બાજુમાં બોલાવી એણે કહ્યું, "આપણે પૂર્વીને નથી લઈ જવી. એ બહુ જીદ કરશે અને આપણા બધાનો મૂડ ખરાબ કરશે."*

*"દિપા, એકવાર એણે જીદ કરી હતી, એટલે એ કાયમ જીદ કરશે એવું આપણાથી કેવી રીતે માની લેવાય ?" એમ કહી, આલાપભાઈએ દિપાને સમજાવી.*

*મમ્મીએ ફેરમાં જવાની મંજૂરી આપી, પણ બધાને સાચવવાની અને પૈસાની જવાબદારી આલાપભાઈને સોંપી.*

*સૌરીનને વિચાર આવ્યો, "ગયા વખતે તો આલાપભાઈએ પૈસા ખોઈ કાઢ્યા હતા. આ વખતે પણ ખોઈ જ નાખશે."*

*ફેરમાં પહોંચ્યા કે તરત શ્લોકની નજર એના ક્લાસ-મેટ રોનક પર પડી. તરત જ શ્લોકે નજર ફેરવી કાઢી, "આ અહીંયા ક્યાંથી ? મારે એને નથી મળવું. મળીશ તો એ મારું માથું પકવી નાખશે."*

*ફેરમાં આલાપભાઈને એમના ફ્રેન્ડસ મળી ગયા અને એ લોકો પણ સાથે જોડાઈ ગયા. બધાએ ખૂબ મજા કરી. સૌએ આઈસ્ક્રીમ ખાઈને છૂટા પડવાનું નક્કી કર્યું. પૈસા કાઢવા આલાપભાઈએ ખિસ્સામાં હાથ નાખ્યો, તો એમનું વોલેટ નહોતું. એ જ ક્ષણે આલાપભાઈની નજર મિલાપના વોલેટ પર પડી. એ જોઈ એમને વિચાર આવ્યો, "અરે, આ તો મારું વોલેટ છે. નાનપણથી જ મિલાપ ચોર છે."*


*પણ, ત્યાં તો આલાપભાઈએ બીજા ખિસ્સામાં હાથ નાખ્યો અને પોતાના જ ખિસ્સામાંથી એમને એમનું વોલેટ જડી ગયું.*

## નીચેના ટેબલમાં તમારી સમજણ લખો.

| પ્રેજ્યુડીસનું ભૂત કોને વળગ્યું ? | આવી પરિસ્થિતિમાં તમે દાદાની કઈ સમજણ વાપરશો ? |
|---|---|
| *દિપા* | |
| *સૌરીન* | |
| *આલાપભાઈ* | |
| *શ્લોક* | |

# ચાલો રમીએ !

૧. સુડોકુ રમો.






૨. આ ચિત્રમાં શું લખ્યું છે?
તે શોધી આપો.

## 3.

ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરો.



## ૪. નીચેના ચિત્રમાંથી ૧૦ તફાવત શોધો.




| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| T | R | R | L | V | F | O | U | R | V |
| E | B | O | M | S | E | V | E | N | R |
| N | S | P | N | Q | A | H | X | T | C |
| B | Z | L | I | O | N | E | K | B | B |
| T | H | R | E | E | E | I | G | H | T |
| V | O | T | W | O | V | Z | R | N | Q |
| F | E | H | L | H | S | I | X | F | X |
| T | E | N | I | N | E | G | D | O | I |
| D | P | N | A | C | E | R | T | B | B |
| X | I | Q | F | I | V | E | I | S | I |

## ૫. બાજુમાં આપેલા કોષ્ટકમાંથી 1 To 10 ના શબ્દો શોધો.

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

પ્રભુ મહાવીરના પુત્રી પ્રિયદર્શના અને જમાઈ જમાલી બન્નેએ પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી. સાધ્વી પ્રિયદર્શના સાધ્વીવૃંદ સાથે ગયા અને મુનિ જમાલી પ્રભુ સાથે વિહાર કરવા લાગ્યા.

એક દિવસ મુની જમાલીએ પ્રભુ પાસે પોતે અલગ વિહાર કરવાની આજ્ઞા માંગી. પ્રભુને એમાં કોઈ લાભ ન જણાતા તેઓ સંપૂર્ણ મૌન રહ્યા. પ્રભુ તરફથી કોઈ જ ઉત્તર ન મળતાં મુનિ જમાલીએ એને અનુમતિ સમજી ૫૦૦ સાધુઓ સાથે, પ્રભુથી અલગ થઈ, વિહાર કરતાં શ્રાવસ્તી નગરીમાં આવ્યા.

ત્યાં એમને તાવ આવ્યો. એમને અતિશય નબળાઈ આવી ગઈ હતી. એમણે સાધુઓને બોલાવીને કહ્યું, "મારે આરામ કરવો છે. જલદી મારા માટે સંથારો (ચાદર) પાથરો."

સાધુઓએ સંથારો પાથરવાનું શરુ કર્યું. તાવના કારણે જરાય ચેન ન પડતાં એમણે સાધુઓને પૂછ્યું, "સંથારો પથરાઈ ગયો કે નહી?"

સંથારો અડધો પથરાઈ ગયો હતો એટલે સાધુઓએ 'સંથારો પથરાઈ ગયો છે' એમ કહ્યું. જવાબ સાંભળીને વેદનાથી વિહ્વળ થયેલા મુનિ જમાલી તરત સૂવા આવ્યા. જોયું તો સાધુઓ હજુ પાથરી રહ્યા હતા.

તેઓ આવેશમાં આવી ગયા અને બોલ્યા, "સંથારો જ્યારે પથરાઈ ગયો જ નથી ત્યારે તમે સંથારો પથરાઈ ગયો છે એવું કહી જ શી રીતે શકો?"

"મહાવીર પ્રભુ કહેતા કે જે કાર્ય કરાતું હોય ત્યારે અને થઈ ગયું જ કહેવાય." એક સાધુએ જવાબ આપ્યો.

"ના. જે કાર્ય પૂરું થઈ ગયું હોય તેને જ 'કર્યું' કહેવાય. બાકી કરાતા કાર્યને 'થઈ ગયા' તરીકે જાહેર ન જ કરાય." મુનિ જમાલીએ ઉગ્રતાથી કહ્યું.




સાધુએ સામી દલીલો કરી પણ મુનિવર જમાલી, એમની એક પણ દલીલ સ્વીકારવા તૈયાર નહોતા. અંતે એમની સાથે રહેલા તમામ ૫૦૦ સાધુઓ એમને છોડીને પ્રભુ વીર પાસે પહોંચી ગયા.

એક વખત મુનિ જમાલી ચંપા નગરીમાં આવી ચડ્યા કે જ્યાં પ્રભુ વીરનું સમવસરણ રચાયું હતું. તેઓએ સમવસરણમાં આવીને પ્રભુને સંભળાવી દીધું કે,

"હે જિન ! મને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું હોવાથી હું સર્વજ્ઞ બની ગયો છું."

એમના આ કથન સામે પ્રભુ તો કાંઈ બોલ્યા નહીં પણ ગૌતમસ્વામી તરત બોલી ઉઠ્યા, "હે જમાલી! આવું અસત્ય ભાષણ કરવાની તારે કોઈ જ જરૂર નથી. જો તું કેવળી બની ગયો હોય તો મારા પ્રશ્નનો જવાબ આપ. 'આ લોક શાશ્વત છે કે અશાશ્વત?



અને આ જગતના સર્વ જીવો નિત્ય છે અનિત્ય?"

જમાલિ, ગૌતમસ્વામિના આ પ્રશ્નનો જવાબ આપી શક્યા નહીં. છતાં ય એમણે એમના કદાગ્રહને પકડી જ રાખ્યો.

મૃત્યુ સુધીમાં તેમણે સાધુઓ પ્રત્યે ક્રોધ અને કેવળજ્ઞાન થયાના અસત્ય કથન બોલવાના પાપકર્મની આલોચના - પ્રતિક્રમણ કર્યા વિના જીવન પૂર્ણ કર્યું, જેથી તેઓ દેવલોકમાં નીચલી કક્ષાના દેવ તરીકે ઉત્પન્ન થયા.



# મીઠી યાદેં

એકવાર દાદા દર્શનમાં સંજોગોવશાત એક નવી બ્રહ્મચારી બેનને રસોડોની ડ્યુટી આવી. એ સામાન્ય જીવનશૈલીમા ઊછરેલી હોવાથી એને સહેજ સંકોચ રહેતો કે જ્ઞાનીઓને તો કેટલા ભાવથી વ્યવસ્થિત રસોઈ બનાવીને જમાડવાની હોય અને મને બરાબર બનાવતા આવડતું નથી તેથી મારું બનાવેલું નીરુમાને ભાવશે કે નહીં. તેથી એણે નીરુમાને કહ્યું, "મને રસોઈ બનાવતા આવડતી નથી."

નીરુમાએ કહ્યું, "કંઈ વાંધો નહી, તારે બધું તૈયાર રાખવાનું અને હું આવીને વઘાર કરી જઈશ."

પછી એ બેન બધું તૈયાર રાખે - સમારેલું શાક, મસાલાનો ડબ્બો, તેલ, વઘારની વાટકી વગેરે બધું તૈયાર કરીને નીરુમાને બોલાવે.

નીરુમા આવીને કહે, "તું અહીંયા ઊભી રહે અને હું કહું એ વસ્તુ તું મને હાથમાં આપતી જા."

નીરુમા એક પછી એક વસ્તુ માંગીને નાખતા જાય અને સાથે સાથે એને શીખવાડતા જાય કે, પહેલા આ નાંખવાનું, પછી આ નાંખવાનું, આવી રીતે આ કરાય... આમ જાતે કરીને બતાડે અને શીખવાડતા જાય.

તે દરમ્યાન એક ભાઈ કામસર સવારે વહેલા બહાર જવાના હતા. તેથી નીરુમાએ એ બેનને પેલા ભાઈ માટે ટીફીન બનાવી આપવાનું કહ્યું. બીજે દિવસે સવારે બેન પરોઠા વણતી હતી, પણ આવડતા નહોતા, વણવા જાય પણ બગડી જ જતા હતા. નીરુમા નીચે આવ્યા. એમણે જોયું અને કહ્યું, "હું વણું છું, તું શેક."

નીરુમા વણતા જાય અને એ બેનને શીખવાડતા જાય કે આવી રીતે વણવાનું, આવું હોય. સાથે સાથે ટીફીન ભરવા બાબતે પણ શીખવાડતા જાય કે ભાઈનો ડબ્બો છે, સાંજ સુધીમાં એક જ વખત જમવાના હોય તેથી સરખું ભરવાનું, જેથી એમને તકલીફ ના પડે. આપણે આપણા ઘરના વ્યક્તિઓને, ભાઈઓને આપતા હોઈએ તેવું જ રાખવાનું. બધાને શું ભાવશે, નહીં ભાવે એ પણ ધ્યાનમાં રાખવાનું....

**જ્ઞાનીઓ, સાથે રહેનારને, વ્યવહારમાં પણ બધી જ રીતે ઘડતા જાય જેથી એ ક્યાંય કાચા ના પડે !**

## પઝલના જવાબો

**૧.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 4 | 6 | 7 | 8 | 9 | 1 | 2 |
| 6 | 7 | 2 | 1 | 9 | 5 | 3 | 4 | 8 |
| 1 | 9 | 8 | 3 | 4 | 2 | 5 | 6 | 7 |
| 8 | 5 | 9 | 7 | 6 | 1 | 4 | 2 | 3 |
| 4 | 2 | 6 | 8 | 5 | 3 | 7 | 9 | 1 |
| 7 | 1 | 3 | 9 | 2 | 4 | 8 | 5 | 6 |
| 9 | 6 | 1 | 5 | 3 | 7 | 2 | 8 | 4 |
| 2 | 8 | 7 | 4 | 1 | 9 | 6 | 3 | 5 |
| 3 | 4 | 5 | 2 | 8 | 6 | 1 | 7 | 9 |

**૨.** BIG FUN

**૩.**



**૪.**



**૫.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| T | R | R | L | V | F | O | U | R | V |
| E | B | O | M | S | E | V | E | N | R |
| N | S | P | N | Q | A | H | X | T | C |
| B | Z | L | I | O | N | E | K | B | B |
| T | H | R | E | E | E | I | G | H | T |
| V | O | T | W | O | V | Z | R | N | Q |
| F | E | H | L | H | S | I | X | F | X |
| T | E | N | I | N | E | G | D | O | I |
| D | P | N | A | C | E | R | T | B | B |
| X | I | Q | F | I | V | E | I | S | I |

## તમારી જાતને ચકાસી જુઓના જવાબ :

*૧. દિપા, ૨. સૌરીન, ૩. શ્લોક, ૪. આલાપભાઈ*

*સમજણ :- એકવાર કોઈએ ચોરી કરી, એટલે એને કાયમનો ચોર ના માની લેવાય. એકવાર કોઈએ આપણું ના ગમતું કર્યું, એટલે ફરીવાર તે એવું જ કરશે એવું ના માની લેવાય. પહેલાનું જજમેન્ટ છોડી દેવું જોઈએ કારણકે વ્યકિતઓ સંજોગાનુસાર બદલાયા જ કરે છે. પ્રેજ્યુડીસ પોતાને જ નુકસાનકર્તા છે અને એનાથી છૂટવા માટે દિલથી પ્રતિક્રમણ કરવું જોઈએ.*

# સીમંધર સીટીમાં પૂજ્યશ્રીના ૬૨ માં જન્મદિવસની ઉજવણી









Akram Express

June 2015
Year : 7, Issue : 10
Conti. Issue No.: 82

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# ગામેગામ યોજાયેલ સમર કેમ્પની એક ઝલક

## સુરેન્દ્રનગર








## ભાવનગર







<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 ##. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.